# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 31-01-2025 Day: Frirday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈષ્ણવ** વાંચે છે.

---

## અંદાજપત્ર સત્ર :

સંસદના આજથી શરૂ થનારા અંદાજપત્ર સત્ર પહેલા ગઈકાલે સર્વપક્ષીય બેઠક યોજાઈ હતી. સંસદ ભવન પરિસરમાં યોજાયેલી બેઠકમાં સરકારે સત્રના યોગ્ય સંચાલન માટે તમામ રાજકીય પક્ષના સહયોગની અપીલ કરી હતી. બેઠક બાદ માધ્યમો સાથેના સંવાદમાં સંસદીય બાબતોના મંત્રી કિરણ રિજૂ એ જણાવ્યું કે, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અંદાજપત્ર સત્રના પહેલા દિવસે આજરોજ સંસદના બંને ગૃહને સંયુક્તપણે સંબોધિત કરશે.

શ્રી રિજિજૂએ જણાવ્યું કે, સત્ર દરમિયાન રાષ્ટ્રપતિના અભિભાષણ પર ચર્ચાની સાથે અંદાજપત્ર પર પણ ચર્ચા થશે, જે 13 ફેબ્રુઆરી સુધી ચાલશે. તેમણે કહ્યું, સંસદમાં પહેલાથી જ 16 ખરડા અને 19 કાર્ય સૂચિબદ્ધ છે.

--------------------------------------------------------------------------------

## અમિત શાહ :

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, ગુજરાત સરકારે 30 એપ્રિલ 2025 સુધીમાં તમામ કમિશનરેટ અને સમગ્ર રાજ્યમાં શક્ય તેટલી વહેલી તકે નવા ફોજદારી કાયદાઓનો અમલ સુનિશ્ચિત કરવો જોઈએ. તેમજ મુખ્યમંત્રી દ્વારા દર મહિને અને ગૃહ રાજ્યમંત્રી, મુખ્યસચિવ, ગૃહવિભાગના અધિક મુખ્યસચિવ તેમજ DGP દ્વારા દર અઠવાડિયે સમીક્ષા કરવી જોઈએ.

નવી દિલ્હીમાં ગુજરાતમાં ત્રણ નવા ફોજદારી કાયદાના અમલીકરણની સમીક્ષા માટે યોજાયેલી બેઠકની અધ્યક્ષતા કરતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આ મુજબ જણાવ્યું હતું.

દરમિયાન ગુજરાતમાં પોલીસ, જેલ, અદાલત, ફરિયાદ અને ન્યાય સહાયક અંગેની નવી જોગવાઈઓના અમલીકરણ અને વર્તમાન સ્થિતિની સમીક્ષા કરવામાં આવી. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. શ્રી શાહે ત્રણ નવા ફોજદારી કાયદાનો સાર આપતા આ નવા કાયદાઓમાં F.I.R. નોંધાયા બાદ ત્રણ જ વર્ષમાં ન્યાય મળવાની જોગવાઈ હોવા પર પણ ભાર મૂક્યો હતો.

---------------------------------------------------------------------------------

## અશ્વિની વૈષ્ણવ – AI અભિયાન :

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, ભારત આગામી મહિનાઓમાં પોતાનો મૂળભૂત નમૂનો તૈયાર કરશે. નવી દિલ્હીમાં માધ્યમોને સંબોધતા શ્રી વૈષ્ણવે કહ્યું, ભારતનો મૂળભૂત નમૂનો વિશ્વના શ્રેષ્ઠ નમૂનાની બરાબરી વાળું હશે. તેમણે કહ્યું, ભારતના પોતાના A.I. એટલે કે કૃત્રિમ બુદ્ધિમત્તાનો નમૂનો વિકસાવવા માટે દરખાસ્તોનું માળખું તૈયાર કરાયું છે. દેશમાં હવે સ્વદેશી A.I. અભિયાનને સમર્થન આપવા માટે 15 હજાર હાઈ-એન્ડ જીપીયુ ઉપલબ્ધ છે.

ડિપસીકની ગુપ્તતા સંબંધિત ચિંતાઓ અંગે શ્રી વૈષ્ણવે કહ્યું, તેને સંબંધિત માહિતી ભારતીય સર્વર ઉપર ટૂંક સમયમાં ઉપલબ્ધ હશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું માનવું છે કે, આધુનિક ટેકનિક તમામ માટે ઉપલબ્ધ હોવી જોઈએ.

---------------------------------------------------------------------------------

## ચેરીટી કમિશનર :

કાયદા મંત્રી ઋષિકેશ પટેલના હસ્તે રાજયની તમામ ચેરીટી કમિશ્નરની કચેરીઓના ફંડના ફાળાની રકમ જમા કરાવવા માટે ‘‘ઇ પેમેન્ટ’’ સુવિધાનો પ્રારંભ કરવામાં આવ્યો. ટ્રસ્ટીઓ હવે charitycommissioner.gujarat.gov.in વેબસાઇટ દ્વારા વધુ સરળતાથી ‘‘ઇ પેમેન્ટ’’ કરી શકશે.

સમગ્ર રાજ્યમાં અંદાજીત 2 કરોડ 76 લાખ ટ્રસ્ટો નોંધાયેલા છે. જેમાંથી મેડિકલ અને શિક્ષણ જેવા સેવા ક્ષેત્રે કામ કરતા ટ્રસ્ટોને બાદ કરતા કુલ અંદાજીત એક લાખ 65 હજાર જેટલા ટ્રસ્ટો પાસેથી ગત વર્ષે 10 કરોડ રૂપિયાથી વધુનો ફાળો ઉઘરાવવામાં આવ્યો હતો.

---

## ગુનેરી-હેરીટેજ સાઈટ :

**કચ્છનાં લખપત તાલુકાના ગુનેરી ગામની કેટલીક જમીનને 'બાયોડાયવર્સિટી હેરિટેજ સાઇટ' જાહેર કરવામાં આવી છે. આ અંગે અમારા કચ્છના પ્રતિનિધી હેમાંગ પાટણી જણાવે છે કે -**

પ્રવાસન અને પ્રકૃતિ માટે દેશ-વિદેશમાં આકર્ષણ ધરાવતા 'કચ્છ'ને વધુ એક સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. કચ્છના લખપત તાલુકાના ગુનેરી ગામના આશરે 33 હેકટર વિસ્તારને ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડ દ્વરા ગુજરાતની પ્રથમ" બાર્યોડાયવર્સિટી હેરિટેજ સાઈટ " તરીકે જાહેર કરવામાં આવી છે.

'ઇનલેન્ડ મેંગ્રૂવ ગુનેરી" સાઈટ અરબી સમુદ્રથી 45 કિલોમીટરના અંતરે અને કોરી ક્રીકથી ચાર કિલોમીટરના અંતરે આવેલી છે. ગુનેરી ખાતે આવેલા મેંન્ગ્રૂવમાં પાણી ક્યારેય આવતું નથી કે કીચડ પણ થતું નથી. અહીં સપાટ જમીન પર 33 હેક્ટર વિસ્તારમાં જંગલની જેમ મેંન્ગ્રૂવ પથરાયેલા જોવા મળે છે, જે તેની વિશિષ્ટતા છે.

---

## ગીરનાર એવોર્ડ :

આજરોજ બૃહદ મુંબઈ ગુજરાતી સમાજ નો ૪૦ મો ગીરનાર એવોર્ડ વિતરણ કાર્યક્રમ યોગી સભાગૃહ દાદર ખાતે યોજાશે. આ અવોર્ડ નું વિતરણ કૌશલ્ય રોજગાર ઉદ્યોગ અંગેના મંત્રી મંગલ પ્રભાત લોઢા કરશે. સંતોને અપાતો ગુજરાતી ગૌરવ એવોર્ડ આ વર્ષે વડતાલ ના સ્વામી સુખાદેવપ્રસાદ દાસજીને એનાયત કરશે. ગીરનાર એવોર્ડ સવાયા ગુજરાતી એવોર્ડ જૈન માઈનો રીટી સમિતિ ના ચેરમેન લલીતભાઈ ગાંધી ને અપાશે એવું કન્વીનર હેમરાજ શાહ દ્વારા જાણવાયું છે.

---

## હવામાન :

હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી પાંચ દિવસ રાજ્યમાં લઘુતમ તાપમાનમાં કોઇ નોંધપાત્ર ફેરફાર થશે નહીં. બીજી અને ત્રીજી ફેબ્રુઆરીના રોજ સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં હવે માંવઠાની શક્યતા નહીવત્ છે.

ઉત્તર પશ્ચિમ દિશા તરફથી આવતાં પવનને લીધે રાજ્ય ઉપરાંત કચ્છમાં પણ દિવસ દરમિયાન ગરમીનો અનુભવ થઈ રહ્યો છે.

---